॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

**આત્મનો હિતાય જગતઃ સુખાય**




વર્ષ - ૩૪ (જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર)

માનદતંત્રી : મિનિષ પટેલ

VOL -XXXIV 2018-19 ISSUE-I

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

## પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના નેવુમા વર્ષ દરમ્યાન નિર્ધારેલ સર્વજીવ હિતાર્થે કરવાના કાર્યોની સૂચિ :

૧. **સ્વાધ્યાય :** દર ગુરુવારે સવારે ૭–૦૦ અથવા રાત્રીના ૯–૦૦ વાગ્યે. (ગુરુ પ્રેમીઓના પોતાના ઘરે).

૨. **ગાયત્રીમંત્રના જપ :** ઓછામાં ઓછા નેવું લાખ મંત્રો (સૌના મળીને). (પોતે કેટલી માળા કરવાના છો તે જણાવી દેવાય તો સારૂ).

૩. **ગાયત્રી-મારૂતિ યજ્ઞ અને સ્વાધ્યાય :** વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા બાર. જુદી જુદી જગ્યાએ (માગણી મુજબ) અમદાવાદ કે અમદાવાદની બહાર તથા જુદી જુદી જગ્યાએ સમૂહમાં **સ્વાધ્યાય** કરવાનો પ્રયત્ન કરવો.

૪. **પ્રચાર-પ્રસાર :** ઓમ્ પરિવારના દરેક સભ્યે રૂ. ૫૦૦/–ની કિંમતના પુસ્તકો (ઓમ્ પરિવાર દ્વારા પ્રકાશિત) વહેંચવા અથવા વેચવાનો પ્રયત્ન કરવો.

૫. **ઋતમ્ભરાના આજીવન સભ્યો :** ઓમ્ પરિવારના દરેકે દરેક સભ્યે ઓછામાં ઓછા બે આજીવન સભ્ય બનાવવા પ્રયત્ન કરવો.

૬. **બાળકોમાં સંસ્કાર સિંચન શિબીર :** પાંચથી પંદર વર્ષના બાળકો માટે વર્ષમાં બે વાર એક રાત્રી અને બે દિવસનો સંસ્કાર સિંચન પ્રવાસ.

૭. **મોબાઇલ એપ્લીકેશન :** પ.પૂ. ગુરુદેવના ફોટા, વીડિયો, ભજનો વગેરેની એપ. બનાવવી.

૮. **ડોક્યુમેંટરી :** પ.પૂ. ગુરુદેવના જીવનને આવરી લેતા, પ્રેરક પ્રસંગોની એક ફિલ્મ બનાવવી.

૯. **જૂના ઋતંભરાના અંક :** જુદા જુદા બાર અંકોનો એક અંક બનાવવો.

૧૦. **'આજનું ભાથુ'** પ.પૂ. ગુરુદેવ દ્વારા ફેસબુક પર "આજનું ભાથું"એ મથાળા નીચે પીરસાતા સત્સાહિત્યને પુસ્તક રૂપે પ્રગટ કરવું.

**પ.પૂ. ગુરુદેવ શ્રીયોગભિક્ષુજી મહારાજના ૯૦મા આખા વર્ષ દરમિયાન 'સર્વ જીવ હિતાર્થે' જે કાર્યક્રમ નક્કી થયા છે તેમાંનો આ પણ એક છે જેમાં થશે 'સ્વાધ્યાય', 'પર્યાવરણ પરિશુદ્ધિ યજ્ઞ' અને 'ગાયત્રી-મારૂતિ યજ્ઞ'. આ પ્રસંગ જ્યાં ઉજવાઈ રહ્યો છે ત્યાંના સ્થળ, વાર અને તારીખઃ**

| ક્રમ | તારીખ અને સમય | કોને ત્યાં | સ્થળ |
|---|---|---|---|
| ૧૯ | ૮–૭–૧૮, રવિવાર<br>સવારે ૮ થી ૧૧ | *રજનીકાંત પટેલ, પ્રકાશભાઈ પટેલ, વજુભાઈ પટેલ, (ગોવિંદપુરાવાળા)* | *'સંસ્કારધામ' નદાણ, ખંડેરાવપુરા ચોકડી પાસે, મુ.પો. નદાણ, તા. કડી, (પ.પૂ.ગુરુદેવની જન્મભૂમિ)* |
| ★ | ૨૭–૭–૧૮, શુક્રવાર<br>ગુરુપૂર્ણિમા<br>સવારે ૮ થી ૨ | હેમાબેન વિનયભાઈ જોષી<br>(સુરેન્દ્રનગરવાળા)<br>હંસાબેન દેવચંદભાઈ પટેલ | કામનાથ મહાદેવ<br>લોયલા (સેંટ ઝેવિયર્સ સ્કુલ) સામે,<br>સેંટ ઝેવિયર્સ સ્કુલ રોડ, નવરંગપુરા, અમદાવાદ–૯ |
| ૨૦ | ૫–૮–૧૮, રવિવાર<br>સવારે ૮ થી ૧૧ | કામીનીબેન મનીષકુમાર પટેલ<br>C/o. દેવચંદભાઈ વી. પટેલ | ૩૮, રવિકુંજ સોસાયટી, પ્રભાત ચોક, ઘાટલોડિયા, અમદાવાદ (ટ્રસ્ટની ઑફિસ) |
| ૨૧ | ૨૬–૮–૧૮, રવિવાર<br>રક્ષાબંધન<br>સવારે ૮ થી ૧૨ | વનિતાબેન નિમેષકુમાર પટેલ | બી–૫, એરાઈઝ વેસ્ટર્ન, ઉમિયા કેમ્પસ પાસે, C/o. દેવચંદભાઈ વી. પટેલ, ઉમિયા ગર્લ્સ હોસ્ટેલ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ. |
| ૨૨ | ૨–૯–૧૮, રવિવાર<br>સવારે ૯ થી ૧૨ | | શ્રી હરગંગેશ્વર મહાદેવ યાત્રાધામ,<br>મુ. હાથીદ્રા, પાલનપુર–દાંતા રોડ, પાલનપુર |
| ૨૩ | ૩૦–૯–૧૮, રવિવાર<br>સવારે ૯ થી ૧૧ | ચંદુભાઈ બી. પટેલ (મહાદેવપુરાવાળા)<br>લક્ષ્મણભાઈ વી. પટેલ (ખંડેરાવપુરાવાળા) | એ–૨૦૪, એરોહાઈટ, વડસર બ્રીજ પાસે, વડોદરા |

નોંધ : ૧. ઉપરના કાર્યક્રમોની જાણકારી કે તારીખ નોંધાવવા માટે નીચેના ફોન નંબરનો સંપર્ક કરવો.

૨. ઉપરની તારીખ કે સ્થળમાં ફેરફરની શક્યતા હોવાથી કાર્યક્રમના ૧૦ દિવસ પહેલાં તપાસ કરી લેવી.

૩. દૂરના સ્થળોએ જવા આવવા માટે લકઝરીની વ્યવસ્થા કરવામાં આવશે, તેની પણ ૧૦ દિવસ પહેલાં તપાસ કરી લેવી.

ફોન : ०७૯–૨૭૯૧૧૧૯૫, ડૉ. પરેશભાઈ (મો) ૯૮૨૫૦૨૩૩૦૪, ડૉ.સ.સ.ભિક્ષુ (મો) ૯૮૨૫૦૨૩૩૧૪

**• પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો-સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.**

**• "ઓમ્‌પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.**

**નોંધ : જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી. - ઋતમ્ભરા સંપાદનસમિતિ**

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# પૂજ્ય શ્રી યોગભિક્ષુજી મહારાજના નેવુમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે ઓમ્ પરિવારના ઉપક્રમે

## બાળ-સુસંસ્કાર-સિંચન શિબિર

સંકલન-મિનિષ પટેલ

**સંરક્ષકો :**

(૧) ડૉ. સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજી
(૨) શ્રીમતી નિરુબેન એસ. પટેલ
(૩) શ્રી રજનીકાન્ત એચ. પટેલ
(૪) શ્રીમતી રેખાબેન આર. પટેલ
(૫) શ્રી સમીરભાઈ બી. શાહ
(૬) શ્રી જગતભાઈ એ. સોની
(૭) શ્રી દીપ રજનીકાન્ત પટેલ

પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના નેવુમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે ઓમ્ પરિવાર દ્વારા અલગ-અલગ પ્રકારે ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે બાળ-સુસંસ્કાર-સિંચન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સફળતાપૂર્વક પૂર્ણ થયેલ શિબિરનો સંક્ષિપ્ત અહેવાલ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

### ચાર પ્રકારનો સ્વભાવ

(૧) કોઈ પુસ્તક કે લેખ વાંચતા હોય તો તેમાંથી ભૂલો ક્યાં છે, કેટલી છે તે જ ગોતે, તે જ પોતાના મગજમાં ઠાલવે અને દુઃખી થાય.

(૨) લેખ વગેરેમાં સારું-સારું કેટલું છે, પોતાની ઉપયોગી કેટલું છે તે જ ગોતે - નોંધે અને પૂરો લાભ લે.

(૩) લેખમાં સારું-સારું, ખોટું-ખોટું જે કાંઇ હોય તે બધાયનું અવલોકન કરે. સારું પોતાનું અને ખરાબ લેખનું

(૪) બધુંય વાંચવા ખાતર જ વાંચે. સારા-સાચા-ખોટાથી તે કાંઇ લેવા દેવા નહીં. બસ, વાંચ્યુ અને અહં પોસાયો. પત્યું કામ, જળ કમળવત્.

— યોગભિક્ષુ







'બાળ-સુસંસ્કાર-સિંચન શિબિર'માં ૫ થી ૧૫ વર્ષનાં બાળકોને લઈ જવામાં આવ્યાં હતાં. નાનાં બાળકોને બે દિવસ માટે અને તે પણ તેમનાં માતા-પિતાની ગેરહાજરીમાં. એમને સાચવવાં, જાળવવાં તે એક પડકારરૂપ કાર્યક્રમ કહેવાય, પરંતુ પૂ.ગુરુજીના આશીર્વાદ અને ડૉ.ભિક્ષુજીના નેતૃત્વમાં આ કાર્યક્રમ ખૂબ સુંદર રીતે પૂર્ણ થયો. સૌ પહેલાં તો શિબિરનું સ્થળ નક્કી કરવાનું હતું. તેને માટે ઓમ્ પરિવારના સ્વયંસેવકો ઘણાં અલગઅલગ સ્થળે જઈ આવ્યા. દરેક સ્થળનું બારીકાઈથી અવલોકન કરવું જરૂરી હતું. કુદરતના ખોળે બધી સગવડો મળી રહે તેવું સ્થળ શોધવાનું હતું.

'હાથીદ્રા' જે પાલનપુર-અંબાજીની વચ્ચે આવેલી એક જગ્યા કે જ્યાં 'શિવજી'નું મંદિર છે તેને આ શિબિર માટે પસંદ કરવામાં આવી. હાથીદ્રામાં મંદિરની સાથે તેનો આશ્રમ; આશ્રમ દ્વારા બનાવવામાં આવેલ એ.સી.રૂમો, મેદાન, બગીચો, નાની ટેકરીઓ અને આસપાસ પહાડી વિસ્તાર. આ બધી જ સગવડો એક સાથે એક જ જગ્યાએ હોવાથી શિબિરનું આયોજન અહીં કરવાનું નક્કી કરવામાં આવ્યું.

શિબિરના આયોજન માટે સ્વયંસેવકો દ્વારા ઘણી બેઠકો યોજાઈ. શિબિરમાં નાસ્તો-જમવાનું શું આપવું, ક્યારે આપવું, શું લઈ જવું તથા ગરમીમાં બાળકોને કેવી રીતે સાચવવાં તે દરેક વાતનું બારીકાઈપૂર્વક આયોજન કરવામાં આવ્યું. શિબિરમાં આવનાર બાળકોનાં માતા-પિતા સાથે પણ એક બેઠક રાખવામાં આવી, જેમાં બાળકોની ટેવ-કુટેવ, ખાન-પાન તથા કોઈ દવા ચાલુ હોય તો તેના વિશે જાણકારી લેવામાં આવી.

તારીખ ૧૯/૦૫/૨૦૧૮ ને શનિવારે સવારે ૭-૦૦ થી ૭-૩૦ દરમ્યાન મીની લકઝરી બસ દ્વારા બાળકો અને શિબિરનાં સંરક્ષકો હાથીદ્રા જવા માટે રવાના થયાં. બે દિવસની આ શિબિરમાં બાળકો ખૂબ જ રમતો રમ્યાં. એકબીજા સાથે હળીમળીને રમ્યાં. સંરક્ષકો દ્વારા તેમનામાં સુસંસ્કારનું સિંચન થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. શિબિરમાં બાળકોએ કઈ પ્રવૃત્તિઓ કરી તે આપણે થોડાં ચિત્રો દ્વારા માણીશું.









વાતાનુકૂલિત લકઝરી બસમાં પ્રણવ વંદનાની સાથે શિબિરનો પ્રારંભ થયો હતો. બસમાં બેસતાંની સાથે જ દરેક બાળકના ચહેરા ઉપર અનેરો ઉત્સાહ દેખાતો હતો. રસ્તામાં આવતા સ્વામિનારાયણ મંદિરમાં બાળકોને નાસ્તો આપવામાં આવ્યો.

શિબિર માટે કોઈ સમયપત્રક ગોઠવાયું ન હતું. ડૉ.ભિક્ષુજીની સૂચના પ્રમાણે બાળકોને મન મૂકીને તેમને જે પસંદ હોય તે કરવાની છૂટ આપવામાં આવી હતી. સમયપત્રક ગોઠવીને તેમને ઘર-શાળા જેવા વાતાવરણથી દૂર રાખવામાં આવ્યાં હતાં.

બપોરે ૧૨-૩૦ થી ૧-૦૦ દરમ્યાન સૌ હાથીદ્રા પહોંચ્યાં. ત્યાં એ.સી. રૂમોની વ્યવસ્થા કરાવી સ્વયંસેવકો રસોઈની તૈયારીમાં લાગી ગયા. બપોરનો સમય અને ગરમી, એટલે બધાં બાળકો રૂમમાં બેસીને અંતાક્ષરી, બોલની રમતો જેવી રમતો રમ્યાં. રસોઈમાં ગુલાબજાંબુ, છોલે-પૂરી, છાશ અને સલાડ બનાવવામાં આવ્યાં હતાં. રસોઈ તૈયાર થઈ ગયા પછી સૌએ જમીને થોડીવાર આરામ કર્યો.

સાંજે લગભગ ૫-૩૦ વાગ્યાની આસપાસ બાળકો અને સંરક્ષકોની ટુકડી નજીકમાં આવેલાં ખેતરોમાં ફરવા નીકળી. બાજરીનાં ખેતરોમાં ડૉ. ભિક્ષુજીએ બાજરી વિશે બાળકોને જાણકારી આપી. ખેતરની આસપાસ નાની પર્વતમાળાઓ હતી, ત્યાં પણ સૌ ફર્યાં અને કુદરતનો આનંદ લીધો. પૂ.ગુરુજી ઘણીવાર કહેતા હોય છે ને કે, ‘અમુક સમયે કુદરતના ખોળે જવું જોઈએ. જંગલ, નદી, પહાડ, ઝરણાં, ખેતર વગેરે જગ્યાએ આપણને એક આહ્લાદક શાંતિ અને નવી ઊર્જા મળતી હોય છે.’ બાળકોએ પણ આ રમણીય સ્થળનો લાભ લેતાં લેતાં ખૂબ મજા કરી.

ખેતર, નાના પર્વતો, ગૌશાળા વગેરે જગ્યાએ ફર્યા પછી સૌ બાળકો અલગઅલગ રમતો રમવા લાગ્યાં. શિબિરમાં આવનાર બાળકોનાં માતા-પિતાની બેઠક વખતે સૌને કઈ-કઈ રમત-ગમતનાં સાધનો લાવવાં તે નક્કી થઈ ગયું હતું અને બધાં બાળકો સાથે રમી શકે તેવી જ રમતો રમાડવી તેવું પણ નક્કી કરવામાં આવ્યું હતું. એટલે બધાં









બાળકોએ સાથે મળીને મારદડી, કબડ્ડી, ક્રિકેટ, વર્તુળમાં બેસીને લંગડી યુદ્ધ, સ્કંદ યુદ્ધ વગેરે વગેરે રમતો ખૂબ જોશથી અને ઉત્સાહથી રમ્યાં.

ખીચડી-ભાખરી-શાકનું સાદું અને સાત્ત્વિક ભોજન કરીને આખા દિવસનાં થાકેલાં સૌ આશ્રમની એ.સી. રૂમોમાં સૂઈ જવા ગયાં. પરંતુ બાળકો તો થોડાં થાકવાનાં? તેઓએ તો રાત્રે પણ રૂમમાં અંતાક્ષરી રમવાનો કાર્યક્રમ ગોઠવી કાઢ્યો અને અંતાક્ષરી રમીને જ સૂવા માટે ગયાં.

બીજા દિવસે સવારે નજીકમાં જ આવેલ માતાજીના મંદિરે જવાનું ગોઠવ્યું હતું. લગભગ ૧૦૦ પગથિયાંનું ચઢાણ કર્યા પછી મંદિર આવતું હતું અને સવારના સમયે ત્યાંનું વાતાવરણ પણ આનંદદાયક હોવાથી સવારે વહેલા ૫-૦૦ વાગ્યે બધા બાળકોને ઉઠાડવામાં આવ્યાં. ઉત્સાહી બાળકો અડધો કલાકમાં તો હાથ-પગ-મોઢું ધોઈને તૈયાર થઈ ગયાં. સૌએ સાથે મળીને પ્રણવવંદના કરી. પ્રણવવંદના થતી હતી ત્યારે ત્યાંના એક સાધુમહારાજ અને સાધ્વીજી ત્યાં આવ્યાં અને આ શિબિરનું જાણીને ભાવવિભોર થઈ ગયાં. તેઓ ખૂબ ખુશ થયાં કે આટલાં નાનાં ભુલકાંઓને આ ઉંમરે આવા સુસંસ્કાર-સિંચન માટે અહીં લાવવામાં આવ્યાં.

પ્રણવવંદના પૂર્ણ કર્યા પછી સૌ માતાજીના મંદિરે દર્શન કરવા નીકળ્યાં. દરેક બાળકને કાજુ-દ્રાક્ષ-બદામનું પેકેટ આપવામાં આવ્યું. ઉપર ચઢતાં-ચઢતાં બાળકો ખાતાં ગયાં અને સૂર્યોદય અને દૂરનાં પર્વતોની મજા માણતાં ગયાં. મંદિરે પહોંચ્યા પછી સૌએ સાથે મળીને ગાયત્રી મંત્ર અને મારુતિમંત્રની ધૂન ૧૦ થી ૧૫ મિનિટ કરી. પૂ.ગુરુજીની મંત્રરચનાઓમાં એક અદ્‌ભુત ઊર્જા હોય છે. જો તેને સૂર અને રાગમાં ગાવામાં આવે તો આપણા શરીરમાં યોગ અને પ્રાણાયામ આપોઆપ થતા હોય છે. તો એ રીતે બાળકોને યોગ અને પ્રાણાયામનો પણ અભ્યાસ થયો અને તે પણ સંપૂર્ણપણે શુદ્ધ અને સાત્ત્વિક વાતાવરણમાં.

મંદિરેથી નીચે આવ્યા પછી દૂધ અને ઉપમાનો નાસ્તો કરી સૌ બાળકો લગભગ બે કલાક અલગ-અલગ રમતો









રમ્યાં. હાથીદ્રા મંદિરની વિશાળ જગ્યામાં એક સુંદર બગીચો પણ છે. સૌ બાળકો તે બગીચામાં ઘણી અલગ-અલગ રમતો રમ્યાં. સ્વયંસેવકો બપોરના ભોજનની તૈયારીમાં લાગી ગયા. શીરો, પરોઠા-શાક, દાળ-ભાત, ફ્રાયમ્સ, સલાડ અને છાશનું ભોજન લઈ સૌ બાળકો રૂમમાં અંતાક્ષરી, ચેસ જેવી રમતો રમવા બેસી ગયાં. સાંજે અમદાવાદ માટે નીકળવાનું હોવાથી સ્વયંસેવકો રસ્તામાં આપવા માટેના નાસ્તાની તૈયારી કરવામાં લાગી ગયા.

સાંજે પ્રણવઆરતી કરવામાં આવી. નીરુબેન દ્વારા સર્વે બાળકોને ચાંલ્લો કરી વારાફરતી બધાં બાળકો અને સ્વયંસેવકો દ્વારા પૂ.ગુરુજીના ફોટાની આરતી ઉતારવામાં આવી. આરતી કર્યા પછી શિવમંદિર કે જે પાંડવોના વખતનું છે તેમ કહેવાય છે-તેમાં દર્શન કરવા ગયાં. આ મંદિર ગુફામાં આવેલું છે. જેથી બધાં બાળકો લાઈનસર શિવલિંગનાં દર્શન કરવા ગયાં. દર્શન કર્યા પછી બાળકો સાથે સ્વયંસેવકો અમદાવાદ આવવા રવાના થયા.

ઓમ્ પરિવારમાં અત્યાર સુધીમા કદાચ પહેલી વાર આવી બાળશિબિરનું આયોજન થયું હતું. પૂ.ગુરુજીના નેવુમા વર્ષમાં પ્રવેશ નિમિત્તે નાનાં બાળકો કે જે ભગવાનનું સ્વરૂપ ગણાય, તેમના માટે આવું આયોજન કરવું અને તેને સફળ બનાવવું તે એક પડકારરૂપ હતું. આ પડકારને સહજ રીતે પાર પાડવામાં પૂ.ગુરુજીનાં આશીર્વાદ, ડૉ. ભિક્ષુજીનું નેતૃત્વ અને સ્વયંસેવકોની મહેનત મદદરૂપ થઈ.

ડૉ. સ.સ.ભિક્ષુજી અને નીરૂબા આ શિબિરનાં અને શિબિરમાં આવેલા દરેક બાળક તથા સ્વયંસેવકોનાં મા-બાપ સમાન હતાં. દરેક બાળકને કોઈ પણ પ્રકારનું બંધન ના રહે અને ખુલ્લા મને શિબિરનો આનંદ લેવા માટેનો આગ્રહ પહેલેથી જ ડૉ.ભિક્ષુજીએ રાખેલો. નાસ્તો, જમવાનું, ગરમી, દવા વગેરેનું ખૂબ જ ચોક્સાઈપૂર્વક ધ્યાન આપેલું. જેથી કોઈ બાળકને તકલીફ ના પડે. નીરૂબેન કે જેમને બધા નીરૂબા જ કહે છે તે તો માતૃત્વ અને વાત્સલ્યની મૂર્તિ સમાન જ છે. રસોઈ બનાવવાથી









માંડીને નાના બાળકોની નાની નાની મુશ્કેલીઓને હસતાં-હસતાં અને સરળતાથી પૂર્ણ કરવી તે તો તેમની ખાસિયત છે.

રજનીકાન્ત, રેખાબેન અને દીપ બાળકો સાથે રમવામાં અને મોજ-મજા કરાવવામાં ખૂબ મદદરૂપ થયાં. રેખાબેન દ્વારા દરેક બાળકને આગ્રહપૂર્વક જમાડવામાં આવ્યાં હતાં. બાળકો વચ્ચે નાની-નાની હરીફાઈ (જમવામાં હરિફાઈમાં ખૂબ સાવધાની જરૂરી) ગોઠવી તેમનું જમવાનું થતું. જેથી જમવામાં ધીરાં અને મંદ બાળકોને જરૂરી પોષણ મળી જતું.

જગતભાઈ અને સમીરભાઈ અલગ-અલગ રમતો રમાડવામાં અને રસોઈના સામાનનું સંચાલન કરવામાં મદદરૂપ થયા. ખાવા અને ખવડાવવાના શોખીન સમીરભાઈ તો રસોડામાં જાતે રસોઈ બનાવવા બેસી જતા અને રસોડામાં બહેનોને મદદરૂપ થતા.

ઓમ્ પરિવારની આ સફળ શિબિરનો શ્રેય બાળકોનાં માતા-પિતાને પણ જાય છે કે જેમણે બે દિવસ માટે તેમનાં નાનાં બાળકોને શિબિરનાં સંરક્ષકોને વિશ્વાસપૂર્વક સોંપ્યાં હતાં.







## A FINGER-POINTING

Why the need arose to sign a treaty forbidding the use of Nuclear and Chemical weapons? Hasn't their very invention prompted that need? What prompted their inventions? It was the feelings of revenge, envy and malice which provoked their inventions. If the feeling of retaliation does not take place, will there be need of an agreement? Certainly not. Then, it is necessary to know how the inspiration to retaliate descends on human mind and gets implanted. For this a finger-pointing, to the best of our ability, is done in 'Streaming from the Invisible'. This booklet is a synonym of a humble effort to see to it that this significant aspect is not missed our by the one who contemplates on World Peace.

**–YOGBHIKSHU**

This Book is in Hindi, English & Gujarati, Price : Rs. 7-00

Available At : **Dr. S. S. Bhikshu**

3/B, Paliadnagar, St. Xavier's School Road,
Naranpura, Ahmedabad-13. Phone : 079-27911195

## अंगुली-निर्देश

अणु-परमाणु और रासायणिक महाविनाशक शस्त्रों का उपयोग नहीं करने का करार करने की आवश्यकता क्यों पड़ी? उसकी खोज हुई इसलिये न? उसकी खोज कैसे हुई? बैर, ईर्षा, द्वेष इत्यादि की प्रतिशोध की भावना से प्रेरित होकर। प्रतिशोध की यह भावना ही न उठे तो संधि-करार की आवश्यकता पडेगी? कभी नहीं पडेगी। तो, इसके लिये यह समझना जरूरी है कि प्रतिशोध की भावना का जन्म कहाँ से होता है? यह भावना दिमाग में कहाँ से बोयी जाती है? इसका यथाशक्ति अंगुली-निर्देश **''निर्झर झरा को गेब से''** नामक पुस्तिका में किया गया है। इस दिशा में भी सोचना रह न जाय इसलिये किया गया एक नम्र प्रयत्न इसी का नाम ''निर्झर झरा को गेब से'' नामक पुस्तिका।

– योगभिक्षु

यह पुस्तिका हिंदी, अंग्रेजी और गुजराती भाषामें है।

**मूल्य :** हिंदी, व अंग्रेजी अेकसाथ रू. १०-००

गुजराती : रू. १५-००    अंग्रेजी : रू. ७-००

**प्राप्तिस्थान :**

३/ब, पलियडनगर सोसायटी,
सेंट झेवियर्स स्कूल रोड, नारणपुरा,
अहमदाबाद-१३. फोन : ०७९-२७९११९९५

## आशिष और अभिप्राय

**''निर्झर झरा को गेब से'' नामक पुस्तिका को।**

**( अति संक्षिप्त )**

(नोंध : वर्तमान प्रवाह से कुछ भिन्न होने पर भी, प्रकाशित सत्सामग्री की मुक्त मन से योग्य प्रशंसा करना और उदारतापूर्वक उसका यथायोग्य गुण गाना यह महान सात्त्विक शूरवीरता का लक्षण है। अैसे सात्त्विक-शूरवीर महापुरुष विरल ही होते हैं। उनकी ऐसी शूरवीरता से समाज का असीम कल्याण होता है। उनके चरणों में मस्तक अपने आप झुक जाता है।) – योगभिक्षु

१. **इंग्लेन्ड के प्राइममिनिस्टर :**
पत्र और साहित्य मिला, आभार।

२. **श्री स्टीफन आर. रीड ( अमरिका ) :**
(मेयर : हेरिसबर्ग, पी.अे.)
''निर्झर झरा को गेब से'' पुस्तिका को हम ''सिटी आरकीव्झ'' पुस्तकालय के सदस्यों द्वारा, उनके अपने भविष्य के उपयोग के लिये, उसी पुस्तकालय का अेक अंग बना रहे हैं। आभार।

३. **श्री मणिभाई पटेल ( श्री संतबाल आश्रम ) :**
**( महावीरनगर आं.रा.केन्द्र, चिंचणी-महाराष्ट्र )**
वर्तमानयुग में ऐसा साहित्य बहुत उपयोगी होगा। इस पुस्तिका को हम रात्रि को समूह-प्रार्थना में पढ़ने के लिये रखेंगे जिससे बहुतों को लाभ मिले।

४. **हिझ डिवाअिन होलिनेस –**
**प. पू. प्रमुख स्वामिजी महाराज :**

**(अक्षर पुरुषोत्तम संस्था, शाहीबाग, अहमदाबाद - गुजरात)**

प्रति, पू. योगभिक्षुजी,

"निर्झर झरा को गेब से" नामक आपकी पुस्तिका मिली। अपने दुर्भावों को पोषने के लिये मनुष्य निर्दोष प्राणियों की जिजीविषा पर प्रहार करता है और मनमाना भोग भोगने के लिये अेक निर्दोष जीव को पृथ्वी उपर आने ही नहीं देता। मनोगत विकारों पर मनुष्य काबू पा लेगा तो सार्वत्रिक शांति को पा लेगा। आपने इस भावार्थ को बौद्धिक दलीलों द्वारा स्पष्ट रूप से इस पुस्तिका में प्रकट किया है। भगवान स्वामीनारायणने भी इसी सिद्धांतों का प्रतिपादन किया था।

आप के अिस नूतनतम अभिगम को जो भी कोअी अनुसरेगा वह शांति के मूल को पा लेगा। वास्तव में आपने इस पुस्तिका द्वारा विश्व-अशांति के अति गुप्त कारणों को मौलिक रूप से प्रकट कर दिया है।

स्वा. नारायण स्वरूपदास के
जय स्वामीनारायण

५. **कु. मिर्टल सोलोमन, प्रमुख : W.R.I. (युद्धविरोधी विश्वसंघ)**

इस पुस्तिका के लिए बोल उठी कि वन्डरफुल! (अद्‌भुत!) यह पुस्तिका तो हमारे संघ के लिअे ही है।

६. **प. पू. आचार्य विजयभानु चंद्रसुरीजी (अहमदाबाद)**

इस पुस्तिका को पढ़कर जैसे आंतरचक्षुने दिव्यता प्राप्त की हो ऐसा लगता है।

७. **प. पू. श्री ज्ञानचंद्रजी महाराज (साणंद) : (हरि ॐ कुटीर)**

आपकी पुस्तिका मिली। आनंद अभिव्यक्त करता हूं।

८. **पू.श्री ओमम्माँ (डुम्मस) :**

यह पुस्तिका सत्यम् शिवम् सुंदरम् की पराकाष्टा है। अिसमें सूक्ष्मातिसूक्ष्म सृष्टि का संशोधन है।

९. **श्र. श्री मनुभाई पंडित (अहमदाबाद) : (सहतंत्री : "विश्ववात्सल्य")**

"निर्झर झरा को गेबसे" पुस्तिका में उपनिषद के ऋषि जैसी वाणी सुनने को मिलती है। आचार्य योगभिक्षुजी आध्यात्मिक साधकों को निमित्त बनाकर समाज को भारतीय ऋषिमुनियों की योग-तत्त्वसुधा पिलाकर विश्व में शांति प्रस्थापित करने के लिअे अुत्सुक है।

१०. **श्री श्रेणीकभाई कस्तूरभाई शेठ(अहमदाबाद)**

आपकी पुस्तिका मिली, आभार।

११. **श्र. श्री डॉ. सुरेश झवेरी (अहमदाबाद) : (मंत्री : अ. भा. हिंसा निवारण संघ)**

ऐसी उत्तम पुस्तिका, कि जो सूक्ष्म बुद्धि द्वारा ही ग्राह्य हो सकती है उसे, अधिक कार्यबोझ के समय पढ़ना ठीक नहीं। चित्त जब पूर्ण शांत होगा तब इस पुस्तिका का चिंतन-मनन करूंगा।

१२. **श्र. श्री यशोधर महेता (अहमदाबाद) : (बार अेट लॉ)**

आपके विचार काफी व्यापक और तलस्पर्शी है। अधिकत: सुप्रजनन विद्या की ओर मेरा ध्यान अधिक आकृष्ट हुआ। अभिनंदन।

१३. **श्र. श्री ललित महेता (जूनागढ): (एम. अेड्., भू. पू. गृहपति)**

"निर्झर झरा..." पुस्तिका एक बैठक में ही पढ़ ली। जानी हुई बात होने पर भी आपके द्वारा कही जाने से इसी बात का विशिष्ट प्रभाव हो गया है।

१४. **श्र. श्री ठक्करभाई वणझारा (डचका) :**

(मंत्री : जनकल्याण युवक मंडल)

यह पुस्तिका श्री रोनाल्ड रेगन को सप्रेम भेट देने योग्य है। इस पुस्तिका में अणुशस्त्रों को पिघलानेवाला रसायण हैं।

१५. **श्र.श्री रमेश पाठक ( हलवद सौराष्ट्र ) : ( कवि )**

आपने सच्चा संतकर्म अदा किया है। इस अमूल्य पुस्तिका का प्रदान करके आपने विश्व शांतिवर्ष का उत्सव मनाने की पहल की है।

१६. **प. पू. डॉ. स्वामी अक्षरानंद सरस्वतीजी महाराज**
**( योगाश्रम, जोरसिंहगढ, पालिताणा )**

आपके पुस्तकों का सेट भेंट पाकर प्रसन्नता हुओ। इन्हें पढ़ने से पता चला कि इनमें आत्मदर्शी पुरुष की परावाणी का स्पर्श हुआ है।

१७. **ओमानंद सरस्वतीजी महाराज**
**( गुरुकुल-झज्जर-रोहतक, हरियाणा )**

श्री योगभिक्षुजी की पुस्तक के स्वाध्याय से यमनियम के प्रसार-प्रचार में सहायता मिलेगी। अत: इसका प्रसार-प्रचार अधिक से अधिक हो। प्रभु के मुख्य और निजनाम ओ३म् का ज्ञान और प्रचार इससे बढ़ो।

१८. **प. पू. स्वामी ओम्**
**( जागनाथ मंदिर-राजकोट ( सौराष्ट्र )**

इस पुस्तिका में आधुनिक जीवन के जिस पहलू (संदर्भ) पर आपने सूक्ष्म चिन्तन एवं अलौकिक दृष्टि डाली है वह अपने उद्देश्य में पूर्ण रूप में सफल है। हिंसा पर आधारित सुखलालसा मानसिक कमजोरी की सूचक है।

१९. **श्र. श्री योगीराज रामाज्ञादासजी महाराज**
**( माउन्ट आबु-राजस्थान )**

आपकी पुस्तिका प्रेरणादायी है। उस में आजकी समस्याओं का सुन्दर दिग्दर्शन है। समाज के लिए यह अति उपयोगी साबित होगी।

२०. **प. पू. स्वामी भक्तानंदजी महाराज तथा**
२१. **प. पू. स्वामी प्रियव्रतानंदजी महाराज**
**( रामकृष्ण आश्रम, माउन्ट आबु, राजस्थान )**

आपकी पुस्तिका बहुत रसपूर्वक पढ़ी। विश्व को अशांति के दबाव से छूटने के लिए इसमें जो यम-नियम और अहिंसा के योगांगो का उपाय दर्शाया है वह बिलकुल ठीक है।

२२. **श्र. श्री. नरेन्द्रकुमार का. जैनका**
**( मंत्री : जीवदया मंडल - वासद )**

हृदयस्पर्शी और समाजोपयोगी आपकी पुस्तिका से मैं बहुत प्रभावित हुआ। उसमें से कुछ अंश हमारी प्रचार पत्रिका में लेना चाहता हूँ, कृपया स्वीकृति देंगे।

२३. **श्र. श्री. हीराबहन आर. जोशी**
(एडवोकेट, अहमदाबाद) (कानून, न्याय और स्त्रीसमाज की कटार लेखिका।)

आपकी पुस्तिका पढ़कर आनंद हुआ। विश्वशांति की जड़ (मूल) को बतलाकर, मानवजाति को शांति और प्रकाश के लिये क्या करना चाहिए यह बतलाकर आपने हम सभी को उपकृत किया है।

२४. **श्र. श्री. जीवाभाई प्रजापति ( गुप्त साधक )**
**( कैवल्यधाम - राजकोट, सौराष्ट्र )**

आपने बहुत चिन्तन करके इस पुस्तिका में विश्व अशांति के मूल को दर्शाया है। चुनचुनकर आपने इसमें शांति के सफल उपायों को दर्शाया है।

२५. **श्र. श्री. दलाभाई हेडमास्तर**
**( तेलनार - कपडवंज )**

आपके श्रीमुख से निर्झरित शब्द वेद ही है। उन्हें संग्रह करना, प्रकट करना यह भक्तों के लिये एक मांगल्य प्रसंग है। हीरे का मूल्य जौहरी ही कर सकता है।

२६. **श्र. श्री. मोहनलाल बी. शाह (डाकोर-खेडा)**

इस पुस्तिका का प्रकाशन प. पू. गुरुदेव योगभिक्षुजी का अद्वितीय संतकार्य है। विश्व के प्रत्येक युवक के हाथों में यह पुस्तिका अवश्य आनी चाहिए। तो उसका मानस-परिवर्तन होगा ही और तब विश्वशांति का आध्यात्मिक प्रयोग नि:शंक सफल होगा। आवश्यकता है केवल इसके प्रसार और प्रचार की।

२७. **प्र. श्र. रामेश्वरदयाल गुप्ता (ज्वालापुर अु.प्र.) (अेम. अे., पीअेच. डी. - राजनिति, भोपाल युनि.) (अध्यक्षः त्रैतवादीय आर्यपीठ ऐवं जीवदया मंडल)**

आपके साहित्य का सेट मुझे भेंट मिला। पातंजल योगदर्शन की आपकी बोधगम्य व्याख्या पढी। उसे दैनिक जीवन के लिये उपयोगी करने का उपक्रम प्रशंसनीय है।

हिंसा और पशुहिंसा ही विश्व में अशांति का कारण है इस पर, ''निर्झर झरा को गेब से'' पुस्तिका में कही बातें बिलकुल नई लगी, जो अबतक किसी ने नहीं कही थी। जीवन की पूर्णता के पूर्व वध किये पशुओं द्वारा बदला लेना, वीर्यनाश से कृमियों का पैदा होना और उन कृमियों द्वारा बीमारी फैलाकर बदला लेना - यह अभूतपूर्व प्रस्तुतीकरण है।

२८. **श्री व्रजलाल दवे**
**(जयहिंद के कटार लेखक - अहमदाबाद)**

''नि. झ. को गेब से'' पुस्तिका में श्री योगभिक्षुजीने विश्वव्यापक अशांति की स्थिर और तटस्थ दृष्टि से मौलिक समीक्षा की है। श्री योगभिक्षुजी समन्वयगामी विज्ञान और ज्ञान के तेजस्वी द्रष्टा है।

२९. **श्री. वज्रमात्री**
**(समाचारतंत्री - गुजरात समाचार - मुंबई)**

वर्तमान में भौतिक सुख के चमकपूर्ण अंधकार के पीछे आंख होने पर भी अंध बनकर भटकनेवाली युवापेढ़ी के लिये 'नि. झ. को गेब से' पुस्तिका डुबतों के लिये सहारा बन सकती है।

३०. **श्री. नंदुभाई**
**(मेनेजिंग ट्रस्टी - हरिओम् आश्रम - नड़ियाद)**

''नि. झ.'' पुस्तिका सभी तरह से सुंदर और आकर्षक है। पुस्तिका के अंदर की सामग्री भी विकास करके आगे बढ़ानेवाली है।

३१. **श्री दिनेश पांडव**
**(मंत्री-विश्वओम्कार परिवार - भावनगर शाखा)**

''नि. झ.'' पुस्तिका साक्षात् प्रभुप्रसाद है। पू. योगभिक्षुजी महाराजश्री द्वारा प्रभु स्वयं शब्दों के माध्यम से व्यक्त हुअे हैं। यह शब्दब्रह्म है। इसका सभी भाषाओं में अनुवाद होना अत्यंत आवश्यक है।

३२. **प. श्र. श्री के सेवास्टीयन जोसेफ**
**(धार्मिक व्याख्याता) (अहमदाबाद)**

जो लोग शांतिप्राप्ति के लिअे अथक प्रयत्न कर रहे हैं उन्हें इस पुस्तिका की सामग्री अेकही बैठक में पढ़ डालने के लिये पकड़ रखती है। दिव्य और शांतिमय विश्व बनाने के विचारों का सजीव वर्णन अिस पुस्तिका में हुआ है। अिस पुस्तिका से मुझे शांतिप्रसार के

लिये अथक शक्ति मिली है। अब मुझे लगता है शांतिकार्य में यह पुस्तिका मेरी अति प्रिय साथी है, मैं अकेली नहीं हूं।

**३३. श्री एस. पी. अय्यर ( अहमदाबाद )**
**( टाईम्स ओफ अिन्डिआ )**

स्वामी योगभिक्षुजी अपने अभिगम के प्रति पहले ही परिचय में मुझे गंभीर और प्रामाणिक प्रतीत हुअे। आधुनिक मनुष्य को उसके अस्थायी सुखों की निरर्थकता का भान करा देना अति आवश्यक समझकर उन्होंने स्पष्टत: भान करा दिया है। अणुयुद्ध टल जाने के बाद भी शाश्वत शांति के लिये जिनकी आवश्यकता है उन ''यम-नियम'' के पालन पर जोर देते हुअे उन्होंने उन्हीं को ही लोगों के लिये सच्चा मार्गदर्शन कहा है।

**३४. प. पू. विजयनाथ योगी महाराज ( नेपाल )**
**( श्री रत्नाथसिद्धपीठ, रत्नपुर )**

सिद्ध अवधूत योगभिक्षुजी,

''नि. झ. को गेब से'' पुस्तिका में आपने गागर में सागर भर दिया है। भौतिक दौड़ से त्रस्त मानव के लिये यह स्मरणीय, संग्रहणीय सरल एवं सरस है। मानवसेवा के लिये और भी ज्ञान भंडार परमेश्वर आपको प्रदान करें ऐसी अुन से मेरी प्रार्थना है।

**३५. प. पू. संयमसागरजी महाराज साहेब**
**( लघु श्रमण ) बंबई**

''नि. झ. को गेब से'' पुस्तक पूर्णत: पढा। मननीय है। उसमें कही बातें सत्य ही है। आप के अहिंसा के विचारों की भूरिश: भूरि अनुमोदना। ऐसा साहित्य ही मनुष्यधर्म की राह में पथदर्शक बन सकता है ऐसी मुझे पूर्ण श्रद्धा है।

**३६. श्री योग अिन्स्टिट्यूट - शांताक्रूझ - बंबई**

आपकी पुस्तकें मिली। हम उसमें से कुछ अंश का सन्मानपूर्वक सद्उपयोग करने की स्वीकृति चाहते हैं।

**३७. श्री जयप्रकाश हरिलाल दवे ( वडोदरा )**
**( प्रकाशक : जलाराम दीप )**

भौतिक साधनों से सुखशांति प्राप्त करने के लिये आजका समाज वासना-संतुष्टि की चरम सीमातक पहुँचकर संयम का त्यागकर आगे बढ़ रहा है, ठीक उसी समय मानव-उत्कर्ष के लिये आपने निर्झर झ. को गेब से पुस्तिका प्रकट कर मौलिक पथप्रदर्शन देकर समाज को आभारी किया है।

**३८. श्री हरजीवन थानकी ( पोरबंदर - आर्य कन्या - गुरुकुल ) ( बी.अे., बी.अेड्. )**

असंयमी ढंग से होनेवाले संततिनियमन में भी हिंसा है। यही हिंसा प्रदूषित वायु द्वारा पृथ्वी पर फैल रही है अैसा सुंदर तर्क विश्व को देने के लिये पुन: अेक बार आप का आभार।

**The booklet 'Streaming from the invisible' has been choosen by D. K. Agencies, Delhi, for World Libraries**


**प्रकाशक और प्राप्तिस्थान :**
ओम्‌गुरु प्रेमसमर्पण ध्यानभिक्षु परिवार ट्रस्ट वती
**डॉ. सद्‌गुरु समर्पणभिक्षु**
३/ब, पलियडनगर,
सेंट झेवियर्स स्कूल रोड, नारणपुरा,
अहमदाबाद-१३. फोन : ०७९-२७९११११९५


(कृपया आप भी आप का अमूल्य आशिष-अभिप्राय लिख-भेजकर प्रोत्साहित करेंगे अैसी श्रद्धा है।

# -: પ્રેરણાદાયી પત્ર :-

॥ ૐ ગુરુ ૐ ॥

તા.૧૬/૩/૨૦૧૮, શુક્રવાર
પરમ પૂજ્ય શ્રી, પ્રાત: સ્મરણીય શ્રી,
શ્રી ગુરુદેવ, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ
જય નારાયણ

પ.પૂ.શ્રી ગુરુદેવનાં ૯૦મા વર્ષની ઉજવણી ઓમ્ પરિવાર દ્વારા ધામધૂમથી, આનંદોલ્લાસથી, રંગે ચંગે ચાલી રહી છે. દરેક ગુરુપ્રેમીજનો પોતાની મસ્તીમાં આનંદ લૂંટી રહ્યા છે. દરેક કાર્યક્રમ મોજથી પૂણ કરી રહ્યા છે.

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવની અનંતકૃપાનું જ આ ફળ છે, નહિંતર આવા કાર્યક્રમોનું આયોજન થઇ જ ન શકે. અમારા અહોભાગ્ય કે આખું વર્ષ ખૂબ જ લહાવો મળશે. પર્યાવરણ પરિશુદ્ધિ, ગાયત્રી-મારૂતિ યજ્ઞનો આખું વર્ષ લાભ મળશે. દરેક ગુરુપ્રેમીજનો મંત્રજપમાં રમમાણ રહેવાના.

આનંદની વાત તો એ છે કે, પરમ પૂજ્યશ્રી ગુરુદેવના આશીર્વચન અને પવિત્રવાણીનો સૌથી વધુ લાભ આ વર્ષે દરેક ગુરુપ્રેમીને મળવાનો. જેમ જેમ આપની હૃદયસ્પર્શી પવિત્રવાણીનું શ્રવણ થતું જાય છે, તેમ તેમ જીવનમાં નવા રંગો, નવી આશાઓ પૂરાતી જાય છે. જીવન રસમય બનતું જાય છે. નવી દિશા, માર્ગદર્શન, પ્રેરણા મળતી જાય છે.

૯૦માં વર્ષની ઉંમરે પણ આપશ્રી જડને ચેતન બનાવી રહ્યા છો. ઘોર નિંદ્રામાંથી હાકોટા પાડી જગાડી રહ્યા છો. આપનાં આરોગ્યને નુકશાન થઇ શકે તેમ હોવા છતાં આપ અમારા જેવા પામર માનવીને પ્રભુમાર્ગે આગળને આગળ વધારવા અથાગ પ્રયત્નો કરી રહ્યા છો.

આપ હરદમ હથોડી પ્રેમની મારો છો, પરંતુ હવે તો મારા જેવાને હથોડાની જરૂર છે. આપ કહો છો તેમ સૂર્યાસ્ત થાય છે ને જિંદગીનો એક દિવસ પૂરો થાય છે ફાલતુ વાતો અને વિચારોમાં સમયનો વ્યય થાય છે. હવે પછીની ક્ષણે શું થવાનું છે. તેની મને ખબર નથી અને છતાં કુંભકર્ણ નિંદ્રા!! રે મારી આળસુ અવસ્થા!!

મારા જીવનનું એક દિવ્ય સ્વપ્ન હતું જે આપનાં આશીર્વાદથી તા.૨૫/૨/૨૦૧૮ને રવિવારે પૂર્ણ થયું. આપે અનંતકૃપા કરી એકસાથે ઘણું બધું આપી દીધું. સમસ્ત ઓમ્પરિવારનાં સાનિધ્યમાં,

(૧) સ્વાધ્યાય
(૨) પર્યાવરણ પરિશુદ્ધિ - ગાયત્રી-મારૂતિ યજ્ઞ
(૩) પ્રણવ-ત્રિદર્શી હવનકુંડની અનુમતિ...
(૪) અવધૂત બાબા શ્રી નિત્યાનંદની હાજરીની અનુભૂતિ પૂજ્ય સ્વામી શ્રી કોમલાનંદજીની ઉપસ્થિતિમાં...
(૫) આપનું ૫૦ મિનિટ જેટલું અતિસુંદર સત્સંગ પ્રવચન અને આશીર્વચન...
(૬) સૌ ગુરુપ્રેમીજનોનો આનંદ...
(૭) પૂજ્ય સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજીનું સફળ સંચાલન
(૮) પૂ. શશીકાંતભાઈની છડી

આપશ્રીનાં આશીર્વાદ અને અમિદષ્ટિથી જ અમે આગળ વધી રહ્યાં છીએ.

મને હવે મારા બંને બાળકોની ચિંતા નથી. આપની કૃપાથી તેઓ ખૂબ જ સમજદાર થઈ ગયા છે. રશ્મિની તબિયત નરમગરમ ચાલે છે. હજુ પગનો દુ:ખાવો ચાલુ જ છે. ડૉક્ટરે MRI કઢાવવા કહ્યું છે. તે પછી શું કરવું તેની ચર્ચા-વિચારણા થશે. અત્યારે મુમુક્ષાએ અર્જુનછાલ, ગુગળ અને સરગવાનો પાવડર લાવી આપેલ છે. એક મહિનો સેવન કરશે તો ફરત પડશે એમ કહેતી હતી. હવે શરૂઆત કરી દઇશું. નહીંતો પછી ઓપરેશનનું વિચારવું પડશે.

અમારૂં પેન્શન બાબતે કોઇ નિર્ણય સરકારે કર્યો નથી. હવે જે થાય એ હરિઇચ્છા.

આપની અધિક કુશળતા ઇચ્છીએ છીએ. આપનાં દર્શને આવવાની ખૂબ જ તાલાવેલિ થઇ છે. ચિ. મુમુક્ષા, મિનેશ, દૈન્યહર્તા, રશ્મિ આપને ખૂબ યાદ કરે છે.

લિ. આપનો ચરણદાસ
કિરણનાં જય નારાયણ-જયગુરુદેવ
સમસ્ત પરિવારનાં પ્રણામ
જય ઑમ્ ગુરુદેવ

॥ तस्य वाचकः प्रणवः ॥




- ક્લેશો, કર્મો, કર્મફળો અને વાસનાઓ ઈશ્વરમાં નથી હોતા.
- ઈશ્વર, સંપુર્ણ સર્વજ્ઞ છે અને ત્રણે કાળના ગુરુઓના પણ ગુરુ છે; કાળ તેમને છેદી-ભેદી નથી સકતો.
- ઈશ્વરનું (મુખ્ય) નામ ઓમ્ છે.
- અર્થની ભાવના સાથે પ્રણવ (ઓમ્)નો જપ કરવાથી આત્મસાક્ષાત્કાર થાય છે અને વિઘ્નો નાશ પામે છે.

(પા.યો.દ.૧, સૂત્ર ૨૪ થી ૨૯નો ભાવાનુવાદ)

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) ‘યોગ’નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત ‘બહુજનહિતાય–બહુજનસુખાય’ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

- **પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો - સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.**
- **"ઓમ્ પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.**

**નોંધ :** જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી.

**- રુતમ્ભરા સંપાદન સમિતિ**

**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય(ભારતમાં) ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય (ભારતમાં) ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય(પરદેશમાં) ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય (પરદેશમાં) ... | $ | ૧૫૦-૦૦ |
| છૂટક નકલની કિંમત ... | ₹ | ૧૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**


**ડૉ. સોમાભાઈ એ. પટેલ (ડૉ. સ.સ. ભિક્ષુ)**
૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
☎ ૦૭૯ ૨૭૯૧૧૧૯૫


**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઑમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.


Web : www.aumparivar.com
E-mail : aumparivar@yahoo.com



Registrar of News Papers of India under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91


**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**


PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
**AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST**
(Reg. No. E/4416 Date 11-5-81)
From : :-3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Naishadh Vyas
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09


To,


Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar